

ભાઈ ! તું તારા સ્વભાવમાં એકાગ્ર થા ને ! આખા લોકમાં તારાથી અધિક બીજું શું છે ? તું જ પૂર્ણ શુદ્ધ પરમેશ્વર છો, સર્વમાં અધિક છો.

—અનંત ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૮ સં. ૨૦૫૪ [ ૬૬૧ ] * આત્મધર્મ * [ અંક-૫ વર્ષ-૫૫ ] વીર સં. ૨૫૨૪ નવેમ્બર–૧૯૯૮

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ સંસારકા સબ ઠાઠ ક્ષણગંભુર હૈ, ઐસા જાનકર પંચેન્દ્રિયોંકે વિષયોંમેં મોહ નહીં કરના. વિષયકા રાગ સર્વથા ત્યાગના યોગ્ય હૈ. પ્રથમ અવસ્થામેં યદ્યપિ ધર્મતીર્થકી પ્રવૃત્તિકા નિમિત્ત જિનમંદિર, જિનપ્રતિમા, જિનધર્મ તથા જૈનધર્મી ઇનમેં પ્રેમ કરના યોગ્ય હૈ, તો ભી શુદ્ધાત્માકી ભાવનાકે સમય યહ ધર્માનુરાગ ભી નીચે દરજ્જેકા ગિના જાતા હૈ, વહાંપર કેવલ વીતરાગભાવ હી હૈ. ૫૨૭.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૨, ગાથા–૧૩૦ ના ભાવાર્થમાંથી)*

❀ સંસારમાં ભોગ–ઉપભોગની પ્રાપ્તિથી જેટલું સુખ થાય છે તેને અને તે ભોગ–ઉપભોગના નાશથી જેટલું દુઃખ થાય છે તેને સરખાવીએ તો ભોગ–ઉપભોગની પ્રાપ્તિથી થતાં સુખ કરતાં ભોગ–ઉપભોગના નાશથી થતું દુઃખ અત્યંત અધિક છે. ૫૨૮.

*(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૧૨૪૯)*

❀ શાસ્ત્રમાં નાના પ્રકારના મિથ્યાદૃષ્ટિઓનું કથન કર્યું છે તેનું પ્રયોજન એટલું જ જાણવું કે એ પ્રકારોને ઓળખી પોતાનામાં કોઈ એવો દોષ હોય તો તેને દૂર કરી સમ્યક્ શ્રદ્ધાયુક્ત થવું, પણ અન્યના એવા દોષ જોઈ કષાયી ન થવું. કારણ કે પોતાનું ભલું-બૂરું તો પોતાના પરિણામોથી થાય છે. ૫૨૯. *(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.–૭, પાનું–૨૭૦)*

❀ જેવી રીતે સૂર્યના ઉદયમાં પૃથ્વી ઉપર તડકો ફેલાઈ જાય છે અને અંધકારનો નાશ થઈ જાય છે, તેવી જ રીતે જ્યાં સુધી શુદ્ધ આત્માનો અનુભવ રહે છે ત્યાં સુધી કોઈ વિકલ્પ અથવા નય આદિનો પક્ષ રહેતો નથી. ત્યાં નય–વિચારનો લેશ પણ નથી, પ્રમાણની પહોંચ નથી અને નિક્ષેપોનો સમુદાય નષ્ટ થઈ જાય છે. પહેલાંની દશામાં જે જે વાતો સહાયક હતી તે જ અનુભવની દશામાં બાધક થાય છે અને રાગ-દ્વેષ તો બાધક છે જ. ૫૩૦. *(શ્રી બનારસદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, પદ–૧૦)*

❀ શરીરો, ધન, સુખદુઃખ અથવા શત્રુમિત્રજનો—એ કાંઈ જીવને ધ્રુવ નથી, ધ્રુવ તો ઉપયોગાત્મક આત્મા છે. ૫૩૧.

*(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા–૧૯૩)*

કહાન
સંવત-૧૯
વર્ષ-૫૫
અંક-૫
[૬૬૧]

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૫
સં. ૨૦૫૫
Nov.
A.D. 1998

## નિશ્ચય-વ્યવહાર-સમ્યક્ત્વનું સ્વરૂપ

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં–૮૪)

આ, શ્રી પરમાત્મપ્રકાશના બીજા ભાગની ૧૫મી ગાથા છે. ત્રણ ગાથામાં નિશ્ચય-વ્યવહાર-મોક્ષમાર્ગનું કથન કર્યું હતું. હવે આગળ ચૌદ ગાથા સુધી વ્યવહાર મોક્ષમાર્ગનું પ્રથમ અંગ વ્યવહારસમ્યક્ત્વની મુખ્યતાથી કથન કરે છે.

दव्वइँ जाणइ जहठियइँ तह जगि मण्णइ जो जि ।
अप्पहँ केरउ भावडउ अविचलु दंसणु सो जि ॥१५॥

અર્થ :–છ દ્રવ્યનું સ્વરૂપ જેવું છે તેવું જાણે અને તેની નિર્દોષ શ્રદ્ધા કરે તે વ્યવહાર-સમકિતનું કારણ છે અને આત્માનું સ્વરૂપ જેવું છે તેવા શ્રદ્ધા, જ્ઞાન કરવા તે નિશ્ચયસમકિતનું કારણ છે. આત્માની ચલમલિન-અવગાઢ દોષ રહિત શ્રદ્ધા તે જ આત્મદર્શન છે.

ભાવાર્થ :–આ જગત છ દ્રવ્યમયી છે. માટે આ છ દ્રવ્યોને સારી રીતે જાણીને તેનું શ્રદ્ધાન કરવું. તે એવું શ્રદ્ધાન કે જેમાં બિલકૂલ સંદેહ નથી–તે સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શન આત્માનો નિજ સ્વભાવ છે.

જગતમાં છ દ્રવ્યો અનાદિથી છે. તેને કોઈએ બનાવ્યા નથી. આ છ દ્રવ્યો, તેના ગુણો અને પર્યાયોને જેમ છે તેમ જાણીને તેની શ્રદ્ધા કરવી તે વ્યવહારશ્રદ્ધાનો વિષય છે. જાણ્યા વગરનું શ્રદ્ધાન સાચું હોતું નથી. જેને આત્માની શ્રદ્ધારૂપ નિશ્ચયશ્રદ્ધા પ્રગટ થઈ છે તેને છ દ્રવ્યના શ્રદ્ધાનરૂપ વ્યવહાર શ્રદ્ધા હોય જ છે. નિશ્ચયશ્રદ્ધા હોય

અને વ્યવહારશ્રદ્ધા ન હોય એમ કદી ન હોઈ શકે. કોઈ એમ કહે કે અમને તો નિશ્ચયશ્રદ્ધા છે પણ વ્યવહારશ્રદ્ધા નથી તો એમ ન હોય એ માટે આ વ્યવહારશ્રદ્ધાની વાત કરી છે.

સમ્યગ્દર્શન આત્માનો નિજસ્વભાવ છે. વ્યવહારના વિકલ્પ કાળે પણ નિશ્ચય-સમ્યગ્દર્શનનો વિષય તો નિજસ્વભાવ જ છે.

હવે નિશ્ચયસમ્યગ્જ્ઞાન શું છે તેનો વિસ્તાર તો આગળ ૨૯ મી ગાથાથી લેશે પણ અહીં 'જાણ' શબ્દ આવ્યો છે એટલે થોડી વાત કરે છે. વીતરાગનિર્વિકલ્પ સ્વ-સંવેદન થાય છે તે નિશ્ચયસમ્યગ્જ્ઞાન છે અને તેનું પરંપરાકારણ શાસ્ત્રોનું જ્ઞાન છે એમ યથાર્થ રીતે જાણે અને માને કે બધાં દ્રવ્યોમાં નિજ આત્મદ્રવ્ય જ ધ્યાવવાયોગ્ય છે.

રાગ વિનાનું આત્માનું જ્ઞાન તે નિશ્ચયજ્ઞાન છે. પરમાગમના જ્ઞાનમાં સાથે વિકલ્પ છે તેથી તેને નિશ્ચયનું પરંપરાકારણ કહ્યું. નિશ્ચયજ્ઞાનમાં વિકલ્પ નથી અને તે મોક્ષનું સાક્ષાત્ એટલે કે સીધું કારણ છે. પરમાગમોના જ્ઞાન વડે છ દ્રવ્યનું સ્વરૂપ સમજીને તે બધાંમાં સારભૂત તો નિજ આત્મદ્રવ્ય જ છે એમ જ્ઞાની તારવી લે છે. નિર્વિકલ્પ આનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્મા જ દૃષ્ટિ કરીને ધ્યાન કરવા લાયક છે એવી રુચિ થવી તે નિશ્ચયસમ્યક્ત્વ છે. આવું નિશ્ચયદર્શન કરનારને છ દ્રવ્યની શ્રદ્ધાનો રાગ આવ્યા વગર રહેતો નથી.

નિશ્ચય પ્રગટ થયો તેને સાથે વ્યવહાર હોય જ છે એ વ્યવહારની મુખ્યતાથી અહીં કથન છે. પણ નિશ્ચય તો સાથે છે જ. વ્યવહારની મુખ્યતાથી કથન છે તેથી નિશ્ચય ગૌણ છે એમ નથી. નિશ્ચય જ મોક્ષનું સાક્ષાત્ કારણ છે. વ્યવહાર તો પરંપરાકારણ છે.

વીતરાગ અરિહંતદેવ તે સાચા દેવ છે, નિર્ગ્રંથગુરુ તે જ સાચા ગુરુ છે અને અહિંસા પરમ ધર્મ છે એમ દેવ-ધર્મની બરાબર શ્રદ્ધા કરવી તે વ્યવહાર છે. આ વ્યવહાર-સમક્તિમાં ૨૫ પ્રકારના દોષોનો ત્યાગ હોય છે તે દોષો ક્યા છે તે અહીં બતાવે છે. નિશ્ચયમાં તો માત્ર નિજ આત્માની શ્રદ્ધા છે પણ વ્યવહારમાં છ દ્રવ્યની શ્રદ્ધા, દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા અને ૨૫ દોષોનો ત્યાગ હોય છે.

જેને આત્માનું હિત કરવું છે તેણે આ બધું જાણવું પડશે. વેપારમાં કેટલો ઊંડો ઉતરીને જાણપણું કરે છે ! તેમ જેને મોક્ષમાર્ગનું ચક્ર ચલાવવું છે તેણે નિશ્ચય-વ્યવહાર બંનેનું જાણપણું કરવું પડશે અને તેની શ્રદ્ધા પણ કરવી પડશે. જ્યાં સુધી પૂર્ણ

વીતરાગતા પ્રગટ ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ તેની સાથે જ રહેશે. વ્યવહારશ્રદ્ધામાં ક્યા ૨૫ દોષોનો ત્યાગ છે તે બતાવતી યશતિલકની ગાથા આ પ્રમાણે છે.

'मूढत्रयं मदाश्राष्टौ तथानायतनानि षट् ।
अष्टौ शङ्कादयश्चेति दृगदोषाः पञ्चविंशतिः ॥'

ત્રણ મૂઢતા, આઠ મદ, છ અનાયતન, આઠ શંકા આમ ૨૫ દોષો છે તેનો સમકિતમાં ત્યાગ હોય છે.

(૧) દેવમૂઢતા :–દેવ કોણ છે અને કુદેવ કોણ છે તેનો વિવેક ન હોવો તે દેવમૂઢતા છે. એવી મૂઢતા સમકિતીને ન હોય. કોઈ એમ માને કે આપણે ધર્મશાળા બંધાવી તે ત્યાગધર્મ છે અને ત્યાગધર્મ મોક્ષનું કારણ છે માટે આપણો તો મોક્ષ નક્કી છે. ભાઈ ! આ ત્યાગ તે ત્યાગ નથી. વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી જ્ઞાનપૂર્વક વીતરાગી પરિણતિ થવી તે ત્યાગ છે, તેનાથી મોક્ષ થાય છે.

(૨) ગુરુમૂઢતા :–ગુરુ કોણ અને કુગુરુ કોણ તેનો વિવેક ન હોય તે ગુરુમૂઢતા છે. સમકિતીને દેવની જેમ ગુરુનો પણ વિવેક હોય છે.

(૩) ધર્મમૂઢતા :–ધર્મ–કુધર્મનો વિચાર ન હોય તે ધર્મમૂઢતા છે.

આ ત્રણેય દોષોને છોડીને જ વ્યવહારશ્રદ્ધા ચોખ્ખી થાય છે.

હવે આઠ મદમાં (૧) જાતિમદ :–સમકિતી જાતિને પોતાની માનતા જ નથી તેથી તેનો મદ સમકિતીને થતો નથી. આત્મા તો નિર્વિકલ્પ આનંદ સ્વરૂપ છે તેને માતા જ ન હોય તો જાતિ ક્યાંથી હોય ! (૨) કુળમદ :–અમારા બાપ-દાદા રાજા હતાં, બહુ પ્રખ્યાત હતાં એવો કુળમદ ધર્મીને હોતો નથી. બાહ્યનું અભિમાન આવે ત્યા સમકિત રહેતું નથી. રાગથી ભિન્ન–અધિક આત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં લીધો તેને આવા મદ હોય જ નહીં. (૩) ધનમદ :–અમે પૈસાવાળા છીએ એમ માનનારા તો અજીવના સ્વામી થતાં હોવાથી જડ છે. ધર્મીને વિકલ્પમાં પણ આવો મદ ન હોય. (૪) રૂપમદ :–શરીરનું રૂપ, લાવણ્ય તો જડમાં છે તેથી આત્માને શું ! આત્માનું સુખ જેણે દૃષ્ટિમાં લીધું તેને આવા રૂપના મદ ન હોય. (૫) તપમદ :–શરીર ઠીક હોય તો બે-ચાર-પાંચ ઉપવાસ કરી નાંખે–તેમાં અભિમાન શું ! (૬) બળમદ :–શરીરનું બળ તો શરીરમાં છે આત્માના બળવાળાને શરીરના બળના મદ શાં હોય ! (૭) વિદ્યામદ :–શાસ્ત્રભણતરનો મદ પણ ધર્મીને ન હોય. જ્યાં અનંત સર્વજ્ઞપદને પ્રતીતમાં લીધું છે, એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવી તો જેની એક પર્યાયની તાકાત

છે એવી અનંતી તાકાતના ધરનારને દૃષ્ટિમાં લીધો છે તેને સામાન્ય વિદ્યા આદિના અભિમાન કેમ હોય ! (૮) રાજમદ :–આત્માને વળી આ પદ કેવા ! આત્મા તો સિદ્ધની જાતનો છે તેને રાજા આદિ પદવીનો મદ ન હોય. આમ આ આઠ પ્રકારના મદ ધર્મીને ન હોય.

છ પ્રકારના અનાયતનનો ધર્મીને ત્યાગ હોય છે. કુદેવ, કુગુરુ અને કુધર્મ તથા તેના સેવકોની પ્રસંશા ધર્મી કરતાં નથી. વ્યવહારસમક્તિમાં પણ કુદેવાદિની શ્રદ્ધાનો ભાવ કે તેની પ્રસંશાનો ભાવ કે તેના આરાધકોની પ્રસંશાનો ભાવ ધર્મીને આવતો જ નથી. લૌકિક ધર્મની રુચિવાળાને સમકિતી એમ ન કહે કે 'તમને ધર્મની ભાવના સારી છે, તમે ધર્મી છો....' કોઈ મોટા મોટા દાન કરતું હોય તો તેના દાનની પ્રસંશા કરે પણ તમે ધર્મ માટે સારી ભાવના કરી એમ ન કહે. આમ, કુદેવ, કુગુરુ, કુધર્મ અને કુદેવના આરાધક, કુગુરુના આરાધક, કુધર્મના આરાધક આ છ એ ધર્મના અનાયતન એટલે અસ્થાન છે, તેની પ્રસંશા ધર્મી કદી કરતાં નથી. આમાં બહુ જવાબદારી છે, ધર્મીને માનવાયોગ્ય એ કોઈ સ્થાન નથી.

નિઃશંકિતાદિ આઠ અંગોથી વિપરીત શંકાદિ આઠ દોષો ધર્મીને હોતા નથી. (૧) વીતરાગના નિશ્ચય કે વ્યવહારમાર્ગમાં ધર્મીને શંકા ન હોય. (૨) ધર્મીને પુણ્ય કે તેના ફળ આદિની કાંક્ષા એટલે ભાવના ન હોય. (૩) મુનિરાજના મલિન અંગ આદિની તેમને દુર્ગંછા ન હોય. (૪) અન્યમતીમાં તો મોટા મોટા રાજાઓ છે, રથયાત્રાઓ મોટી નીકળે છે માટે એ સાચા તો નહિ હોય ! એવી મૂઢતા ધર્મીને ન થાય એ બધાં પુણ્યના ચાળાં છે. ક્ષણમાં નષ્ટ થઈ જવાના છે. ધર્મીને કદાચિત્ પુણ્ય ન હોય તો એવી અનુકૂળતા આદિ ન હોય. તેથી શું ! ધર્મી જરાય મુંજાતા નથી. (૫) ધર્મી પરદોષકથન ન કરે, તેને તો પોતાના દોષ દેખાય છે અને તેને ટાળવા છે. પરના દોષ જણાય છે પણ તેને મુખ્ય કરતાં નથી. (૬) ધર્મી પોતાની કે અન્યની પરિણતિને ધર્મથી ડગવા ન દે. ડગતી પરિણતિને સ્થિર કરે. (૭) ધર્મીને સાધર્મી પ્રત્યે સ્નેહ ન હોય–એવો દોષ ન હોય. બધાં સાધર્મી પ્રત્યે તેને પ્રેમ હોય, વાત્સલ્ય હોય. સાધર્મી પ્રત્યે દ્વેષ, ઈર્ષ્યા કે તેના ગુણ સહન ન કરી શકે–એવું ન હોય. (૮) જિનપ્રભાવના ન કરવી એવો દોષરૂપ ભાવ ધર્મીને ન હોય, પ્રભાવના કરવાનો ભાવ હોય. આમ, આ શંકાદિ આઠેય દોષનો ધર્મીને ત્યાગ હોય.

આ રીતે આ પચીસ દોષોને છોડીને, તત્ત્વોની શ્રદ્ધા કરે તેને વ્યવહાર-સમ્યગ્દર્શન કહેવાય છે.

જુઓ ! કુદેવાદિની પ્રસંશા ધર્મના નામે ન કરવી એમ આવ્યું પણ, તેનો તિરસ્કાર કરવાનું કહ્યું નથી. એ બરાબર સમજવું.

જ્યાં અસ્થિર બુદ્ધિ નથી, પરિણામોની મલિનતા નથી અને શિથિલતા નથી તે સમ્યક્ત્વ છે. વ્યવહાર-સમકિતના કાળમાં જ આવું નિશ્ચય-સમકિત હોય છે. આ સમ્યગ્દર્શન જ કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણિરત્ન છે. આમ જાણીને ભોગોની વાંછારૂપ જે વિકલ્પ તેને છોડીને સમ્યક્ત્વ ગ્રહણ કરવું જોઈએ.

જેના હાથમાં ચિંતામણિ છે, ધનમાં કામધેનુ છે અને જેના ઘરમાં કલ્પવૃક્ષ છે તેને હવે બીજી કઈ પ્રાર્થનાની જરૂર છે ! તેને કોઈ આવશ્યકતા જ એવી રહી નથી કે જેની માંગણી કરવી પડે. આત્માની નિશ્ચય પ્રતીત અને અનુભવ છે, નિશ્ચય જ્ઞાન અને સ્થિરતા છે અને સાથે વ્યવહાર-સમ્યક્ત્વ છે તેને બીજી કઈ ચીજની જરૂર છે કે પ્રાર્થના કરે !

(જડ) કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ તો કહેવામાત્ર છે. 'સમ્યક્ત્વ' જ કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણિ છે. નિશ્ચય-સમકિત જ ખરું કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ છે વ્યવહારથી વ્યવહાર-સમકિતને પણ કલ્પવૃક્ષ આદિની ઉપમા આપી શકાય છે.

આ ગાથામાં મુખ્યપણે વ્યવહાર-સમકિતની વાત કરી સાથે ગૌણપણે નિશ્ચય-સમકિત પણ લીધું. હવે, આ વ્યવહાર-સમ્યક્ત્વના કારણ જે છ દ્રવ્ય કે જેને ભગવાને પોતાના જ્ઞાનમાં જોયા છે તેની શ્રદ્ધા તે વ્યવહાર-સમકિત છે એવા છ દ્રવ્યો ત્રણલોકમાં ભરેલાં છે તેને યથાર્થ જાણવાનો અભિપ્રાય મનમાં રાખીને આ ગાથાસૂત્ર કહે છે.

दव्वइँ जाणहि ताइँ छह तिहुयणु भरियउ जेहिँ ।
आइ-विणास–विवज्जियहिँ णाणिहि पभणियएहिँ ॥१६॥

અર્થ :—હે પ્રભાકર ભટ્ટ ! તું તે છ દ્રવ્યોને જાણ ! જે દ્રવ્યોથી આ ત્રણલોક ભરેલાં છે તે છ દ્રવ્યો જ્ઞાનીઓએ આદિ અને અંતથી રહિત દ્રવ્યાર્થિકનયથી કહ્યાં છે.

જગતમાં એક જ દ્રવ્ય નથી પણ જગત છ દ્રવ્યોથી ભરેલું છે એ સિદ્ધ કરવા આ વ્યવહાર-સમકિતની ગાથા કહી છે. ભગવાને આ છ દ્રવ્યોને અનાદિ અનંત કહ્યાં છે. એ છ દ્રવ્યોમાં જીવદ્રવ્ય આખા લોકમાં છે, પુદ્ગલ પણ આખા લોકમાં છે, ધર્મ, અધર્મ અને કાળ પણ આખા લોકમાં છે અને આકાશ દ્રવ્ય લોક-અલોક પ્રમાણે વ્યાપ્તછે.

શ્રોતા :–છ દ્રવ્યની વાત તો થઈ ગઈ હવે વિશેષ શું કામ કરે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :–નિશ્ચયની સાથે આવો વ્યવહાર હોય જ છે; નિશ્ચયમાં તો

આત્માની શ્રદ્ધા થઈ પણ વ્યવહારશ્રદ્ધામાં ભગવાને કહેલાં છ દ્રવ્યોની શ્રદ્ધા બરાબર હોય છે. પૂર્ણ વીતરાગતા થઈ નથી ત્યાં સુધી વિકલ્પમાં છ દ્રવ્યોની શ્રદ્ધા આવે જ છે. છ દ્રવ્યો આખા લોકમાં ઠસોઠસ ભરેલા છે તેના જ્ઞાનપૂર્વકની શ્રદ્ધા ધર્મીને આવે જ છે. છ દ્રવ્યોનો કોઈ કર્તા નથી. ઈશ્વરે જગતની રચના કરી છે એ માન્યતા ખોટી છે. છએ દ્રવ્યો અનાદિ–અનંત છે તેની પર્યાયનો કર્તા પણ તે દ્રવ્ય છે, ઈશ્વર કર્તા નથી તેમ જ ઈશ્વર તેનો રક્ષક પણ નથી. ઈશ્વરને રક્ષક માનવો તે ભ્રમ–અજ્ઞાન છે. દ્રવ્યનો કોઈ નાશ કરી શકતું જ નથી. છએ દ્રવ્યો અનાદિનિધન છે.

જોકે, આ છ દ્રવ્ય વ્યવહાર-સમ્યક્ત્વના કારણ છે પણ, શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ સમ્યક્ત્વનું કારણ નિત્ય આનંદ એક સ્વભાવ નિજ શુદ્ધાત્મા જ છે.

જુઓ ! અહીં નિશ્ચયનું કારણ વ્યવહાર ન કહ્યું પણ શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગસમ્યક્ત્વનું કારણ નિજ શુદ્ધાત્મા છે એમ કહી દીધું. નિશ્ચય-સમકિતનું કારણ ભગવાન આત્મા જ છે. આત્માના મોક્ષનું કારણ નિશ્ચય સમ્યગ્દર્શન છે અને તેનું કારણ તું પોતે અખંડ દ્રવ્ય છો. તું પોતે અખંડાનંદ ભગવાન પૂર્ણસ્વરૂપ....પૂર્ણસ્વરૂપ બિરાજમાન છો. તેની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન તારી પૂર્ણશુદ્ધિરૂપ મોક્ષનું કારણ છે. આમાં કારણ બધું અંદરમાં જ છે તેથી બહારની પ્રતિકૂળતા તેમાં નડતી નથી અને અનુકૂળતા મદદ કરતી નથી. સંયોગની વધ-ઘટ આત્માને શું કરે ! માટે અનુકૂળતામાં હું વધી ગયો એમ ધર્મી માનતા નથી અને પ્રતિકૂળતામાં મને દુઃખ છે એમ માનતા નથી.

નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય કહો કે કારણ કહો–એક આત્મા જ છે અને વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય અથવા કારણ છ દ્રવ્ય છે. ભગવાને કહેલાં છ દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા કરવી તે વ્યવહાર-સમકિતનું કારણ છે.

શ્રોતા :–આ ક્યા ભવે થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ ભવમાં જ થાય એવું છે એમ કહે છે. પોતે દરકાર ન કરે તો ન થાય પણ દરકાર કરે તો કેમ ન થાય ! હીરાની ખાણ નીકળી હોય તો આ ભવમાં જ હીરા કાઢવા માંગો કે નહિ ! ત્યાં વાયદો કરતો હશે ! તેમ આ આત્મા અનંતગુણની ખાણ છે તેમાંથી ખજાનો કાઢવામાં વાયદા ન હોય.

હમણાં કોઈ જગ્યાએ ૫૦ કરોડ સોનામહોર જમીનમાંથી દાટેલી નીકળી છે.

રાજાએ પોતાના પુત્ર માટે દાટી હશે પણ તે ક્યાંક ચાલ્યો ગયો તેથી જમીનમાંથી અત્યારે નીકળે છે. તેમ અહીં કહે છે કે આત્મા અહીં દાટ્યો છે પ્રથમ તેને વિકલ્પમાં લઈને પછી અંદરમાં જો તો અંદર આત્મનિધાન ભર્યાં છે. ભગવાન સર્વજ્ઞદેવે કહ્યું છે કે તારો આત્મભંડાર અંદર દાટેલો પડ્યો છે, તું દૃષ્ટિ કર તો તત્ત્વ પડેલું જ છે. પાંચ-પચીસ કરોડ ભેગા કરવાની મજૂરી કરે છો પણ એમાં તારા હાથમાં મમતા સિવાય બીજું શુ આવે છે! અરે! ધન હોવા છતાં વાપરી શક્યાં નહિ, ખાઈ શક્યાં નહિ અને જ્યાં ટાણાં આવ્યા ત્યાં મરણ આવ્યા. ડોકટરોએ પણ હાથ ખંખેરી નાખ્યાં ત્યાં પૈસા શું કરે! હવે કોઈ ઉપાય નથી....એમ પસ્તાવું પડે તે પહેલાં ચૈતન્યનિધાન દાટેલું છે તેને કાઢી લે!

અહા! શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધાત્માની અનુભૂતિરૂપ વીતરાગસમ્યક્ત્વનું કારણ એવો આત્મા કેવો છે?–નિત્ય આનંદ...નિત્ય આનંદ એક સ્વભાવી છે. નિશ્ચય સમ્યગ્દર્શન એટલે શુદ્ધ પ્રતીતિનું કારણ તો તારું દ્રવ્ય છે. કારણ કહો કે વિષય કહો કે ધ્યેય કહો એક નિજ શુદ્ધાત્મા જ છે અને વ્યવહાર-સમકિતનું કારણ અથવા વિષય છ દ્રવ્ય છે, બંનેની દિશા જુદી છે. નિશ્ચય અને વ્યવહાર બે નય જુદી છે તેમ તેના વિષયપણ જુદાં છે. નિશ્ચય અને વ્યવહાર બંને સમકિતનું કારણ આત્મા હોય તો બે નય જુદી જ ન પડે. નિશ્ચયનયમાં પોતાનો આશ્રય છે માટે નિર્વિકલ્પ છે અને વ્યહારનયનો આશ્રય પર છે તેથી તેમાં વિકલ્પ છે. એક વીતરાગ પર્યાય છે અને એક રાગપર્યાયછે.

પંચાસ્તિકાયમાં કહ્યું છે કે વ્યવહાર-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિષય આત્મા નથી, આત્માથી પર છે. એમ કેમ? કે એ ભૂમિકામાં રાગ છે તેથી વ્યવહાર-સમ્યક્ત્વાદિનો શુભ રાગ હોય છે. નિશ્ચયનો વિષય તો સ્વ જ છે. નિશ્ચય અને વ્યવહાર બંને સાથે હોય છે પણ તેની વ્યાખ્યા, તેના કારણો, તેનું સ્વરૂપ વગેરે જુદું છે તે બધી વાત એમાં આવી ગઈ છે. નિશ્ચયનો વિષય નિજ શુદ્ધાત્મદ્રવ્ય જ છે અને વ્યવહાર તો પરના લક્ષે થયેલો ભાવ છે, તેનો વિષય પર છે, આત્મા તેનું કારણ નથી.

આમ, અહીં પરમાત્મપ્રકાશમાં બે ગાથામાં નિશ્ચય સહિતના વ્યવહારનું વર્ણન વ્યવહારની મુખ્યતાથી કર્યું છે પણ નિશ્ચય તો અંદર હોય જ છે, તેથી ટોડમરલજીએ મોક્ષમાર્ગ પ્રકાશમાં કહ્યું છે કે વ્યવહાર-સમકિતમાં નિશ્ચય-સમકિત નિરંતર ગમનરૂપ હોય છે. ટોડરમલજીએ તો બધો નીચોડ લાવી દીધો છે પણ લોકોને માનવું કઠણ પડે છે.

હવે ૧૭મી ગાથામાં યોગીન્દ્રદેવ છ દ્રવ્યોના નામ કહે છે કે જે વ્યવહાર-સમકિતના

વિષય છે. વ્યવહાર અભૂતાર્થ હોવા છતાં છે ને ! માટે તેનોઓ વિષય પણ છે. તે છ દ્રવ્યોના નામ ગાથા દ્વારા કહે છે.

जीउ सचेयणु दव्वु मुणि पंच अचेयण अण्ण ।
पोग्गलु धम्माहम्मु णहु कालें सहिया भिण्ण ॥१७॥

અર્થ :–હે શિષ્ય, તું જીવ ચેતન દ્રવ્ય છે એમ જાણ અને બાકી પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ સહિત જે પાંચ દ્રવ્ય છે તે અચેતન છે અને જીવથી ભિન્ન છે તથા એ બધાં પોતપોતાના લક્ષણોથી પરસ્પર ભિન્ન છે. કાળ સિવાયના પાંચ દ્રવ્ય અસ્તિકાય છે.

જડ અને ચૈતન્ય પોતપોતાના લક્ષણથી માંહોમાંહે તદ્દન જુદાં છે, એક નથી. જો જગતમાં એક જ આત્મા હોય તો તેનું બગડવું કે સુધરવું કાંઈ ન બની શકે. તેથી કહે છે કે જે એક આત્મા જ માને છે તેને આવો કાંઈ વિવેક હોતો નથી. જગતમાં અનંત આત્માઓ, અનંત પુદ્‌ગલો આદિ અનંત દ્રવ્યો પોતપોતાના લક્ષણે બિરાજમાન છે, તે બધાંથી મારું આત્મદ્રવ્ય ભિન્ન છે એમ તું નિશ્ચયથી નક્કી કર ! તેની નિર્વિકલ્પ અનુભૂતિ કર !

છ દ્રવ્યમાં પાંચ દ્રવ્ય બહુપ્રદેશી હોવાથી અસ્તિકાય છે અને કાળદ્રવ્ય અસ્તિકાય નથી, કેમ કે તે એકપ્રદેશી છે.

ભાવાર્થ :—સમ્યક્ત્વ બે પ્રકારના છે : એક સરાગસમ્યક્ત્વ અને બીજું વીતરાગ- સમ્યક્ત્વ. તેમાંથી સરાગસમ્યક્ત્વનું લક્ષણ કહે છે. પ્રશમ–શાંતિપણું, સવેંગ, અનુકંપા અને આસ્તિક્ય આ ચાર સરાગ સમ્યક્ત્વના લક્ષણ છે. પ્રશમ એટલે શાંતિ અથવા કષાયની મંદતા, સંવેગ એટલે જિનધર્મની રુચિ તથા જગતથી અરુચિ અર્થાત્ નિર્વેગ. અનુકંપા એટલે પરજીવોને દુઃખી જોઈને દયા આવવી અને આસ્તિક્ય એટલે દેવ-ગુરુ-ધર્મની તથા છ દ્રવ્યની શ્રદ્ધા. આ ચારેય લક્ષણોનું હોવું તે વ્યવહારસમ્યક્ત્વરૂપ સરાગસમ્યક્ત્વ છે—રાગ સહિતની શ્રદ્ધા છે અને વીતરાગ સમ્યક્ત્વ કે જે નિશ્ચય સમ્યક્ત્વ તે નિજ શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગચારિત્રથી તન્મયી છે–એકમેક છે.

આ કથન સાંભળી પ્રભાકર ભટ્ટે પ્રશ્ન કર્યો. હે પ્રભુ ! નિજ શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વનું કથન તો તમે અનેકવાર કર્યું છે તો અહીં હવે વીતરાગચારિત્રથી તન્મયી નિશ્ચયસમ્યક્ત્વ છે એવું વ્યાખ્યાન કર્યું તેમાં તો પૂર્વાપર વિરોધ આવે છે.

પ્રશ્ન સમજાયો ! વીતરાગચારિત્રથી તન્મયી નિશ્ચયસમ્યક્ત્વ કહ્યું તેમાંથી પ્રશ્ન ઉઠાવ્યો છે કે પહેલાં તો આપ એમ કહેતાં કે શુદ્ધાત્માની રુચિ તે નિશ્ચયસમ્યક્ત્વ છે તેમાં તો વીતરાગચારિત્રથી તન્મયી કહ્યું ન હતું અને હવે જે વીતરાગ ચારિત્રથી તન્મયી છે તેને જ નિશ્ચયસમ્યક્ત્વ કહો છો તો આ તો આપે વાત ફેરવી નાંખી ?

અહીં નિશ્ચય સમ્યક્ત્વને વિશેષ બતાવ્યું છે. ગૃહસ્થમાં અને મુનિપણામાં શું ફેર હોય છે તે અહીં બતાવવું છે. નિશ્ચય-સમકિત તો બંનેને છે પણ મુનિપણામાં વીતરાગતા વિશેષ છે.

શિષ્યનો પ્રશ્ન હજુ ચાલુ છે કે શુદ્ધાત્માની રુચિરૂપ નિશ્ચય-સમ્યક્ત્વ તો ગૃહસ્થ અવસ્થામાં તીર્થંકર પરમદેવ ભરત ચક્રવર્તી અને રામ પાંડવાદિ મોટા મોટા પુરુષોને હોય છે પણ તેમને વીતરાગચારિત્ર હોતું નથી. આ જ પરસ્પર વિરોધ છે. જો તેમને વીતરાગચારિત્ર માનવામાં આવે તો ગૃહસ્થપણું કેમ કહી શકાય ! તેમને ગૃહસ્થશ્રમમાં સમકિત તો હતું પણ વીતરાગચારિત્ર તો ન હતું.

પ્રશ્નમાં માલ છે, નકામો પ્રશ્ન નથી. તેને શ્રીગુરુ ઉત્તર આપે છે કે તે મહાન પુરુષોને 'શુદ્ધાત્મા ઉપાદેય છે' એવી ભાવનારૂપ નિશ્ચયસમ્યક્ત્વ તો છે પરંતુ ચારિત્રમોહના ઉદયથી સ્થિરતા નથી, અસ્થિરતા છે. જ્યાં સુધી તેમને મહાવ્રતનો ઉદય નથી ત્યાં સુધી તે અસંયમી કહેવાય છે. શુદ્ધાત્માની અખંડ ભાવનાથી અર્થાત્ એકાગ્રતાથી રહિત એવા તે ભરત, સગર, રામ, પાંડવ આદિ નિર્દોષ પરમાત્મા અરહંત સિદ્ધોના ગુણસ્તવન, વસ્તુસ્તવનરૂપ સ્તોત્રાદિક કરે છે અને તેમના ચારિત્ર પુરાણાદિક સાંભળે છે તથા તેમની આજ્ઞાના આરાધક જે મહાનપુરુષ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તેમને ભક્તિપૂર્વક આહારદાનાદિક કરે છે, પૂજા કરે છે. વિષય-કષાયરૂપ ખોટા ધ્યાનને રોકવા માટે તથા સંસારની સ્થિતીનો નાશ કરવા માટે એવી શુભક્રિયા કરે છે. સંસારનો નાશ તો ન થાય પણ સ્થિતિ ઘટતી જાય છે. આવા શુભરાગના સંબંધ સહિત તેઓ સમ્યગ્દષ્ટિ છે અને તેમને નિશ્ચય સમકિત પણ કહી શકાય છે કેમ કે, વીતરાગચારિત્રથી તન્મયી નિશ્ચયસમ્યક્ત્વનું તેમાં પરંપરા સાધકપણું છે.

નિશ્ચય-સમકિતવાળો જીવ શુભરાગની આવી ક્રિયાઓ કરે છે તે તેને વીતરાગ ચારિત્રથી તન્મય એવા નિશ્ચયસમ્યક્ત્વનું કારણ થાય છે. વાસ્તવમાં વિચારવામાં આવે તો ગૃહસ્થ-અવસ્થામાં સરાગ સમ્યક્ત્વ જ હોય છે. ચારિત્રની અપેક્ષાએ તેને સરાગ કહેવાય છે પણ સમ્યક્ત્વ તો નિશ્ચય જ છે. ગૃહસ્થાશ્રમમાં વીતરાગચારિત્ર હોતું નથી

(અનુસંધાન પાનું ૨૧ પર)

# “અહા ! ધર્મી થયો ત્યાં બંધ ગયો !”

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૬૩)

આ, શ્રી સમયસાર નાટક નામનું શાસ્ત્ર છે તેમાં આસ્રવ-અધિકારનો ૧૧ મો શ્લોક નીચે આપેલો છે તેના ઉપરનું ૧૪ મું પદ્ય છે, તેમાં જીવની બાહ્ય અને અંતરંગ અવસ્થાનું વર્ણન છે.

करमके चक्रमें फिरत जगवासी जीव,<br>
ह्वै रह्यौ बहिरमुख व्यापत विषमता ।<br>
अंतर सुमति आई विमल बड़ाई पाई,<br>
पुद्‌गलसौं प्रीति टूटी छूटी माया ममता ॥<br>
शुद्धनै निवास कीनौ अनुभौ अभ्यास लीनौ,<br>
भ्रमभाव छांडी दीनौ भीनौ चित्त समता ।<br>
अनादि अनंत अविकलप अचल ऐसौ,<br>
पद अवलंबि अवलोकै राम रमता ॥१४॥

અર્થ :—સંસારીજીવ કર્મના ચક્કરમાં ભટકતો મિથ્યાદૃષ્ટિ થઈ રહ્યો છે અને તેને અશુદ્ધાતાએ ઘેરી લીધો છે. જ્યારે અંતરંગમાં જ્ઞાન ઉપજ્યું, નિર્મળ પ્રભુતા પ્રાપ્ત થઈ, શરીર આદિથી સ્નેહ છૂટ્યો, રાગ-દ્વેષ-મોહ છૂટ્યા, સમતારસનો સ્વાદ મળ્યો, શુદ્ધનયનો સહારો લીધો, અનુભવનો અભ્યાસ થયો, પર્યાયમાં અહંબુદ્ધિ નાશ પામી ત્યારે પોતાના આત્માના અનાદિ, અનંત, નિર્વિકલ્પ, નિત્યપદનું અવલંબન કરીને આત્મસ્વરૂપને દેખે છે.

આ આસ્રવ અધિકાર છે ને ! હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહ આદિ અશુભ- આસ્રવ છે અને અહિંસા, સત્ય, દત્ત, શીલ, સંયમ આદિ શુભાસ્રવ છે. પોતાના શુદ્ધ- સ્વરૂપના અનુભવ વિના જગતના જીવો આવા શુભાશુભભાવરૂપ કર્મના ચક્કરમાં ભમે છે. શુભાશુભભાવના નિમિત્તે પુણ્ય-પાપ કર્મ બંધાય છે.

આત્માનું સ્વરૂપ તો જ્ઞાન અને આનંદમય છે તેને અનાદિથી ભૂલી ગયેલો જીવ શુભાશુભ કર્મના ચક્કરમાં ફરી રહ્યો છે. હિંસા, જૂઠ, ચોરી આદિ મારે કરવા પડે છે અને દયા, દાન, વ્રત્ત, ભક્તિ કરવા એ તો મારું કર્તવ્ય છે એમ માનીને

જગતવાસી જીવો તે ભાવમાં જ ફર્યા કરે છે. તે ભાવને ચક્ર એટલે કે ઘંટીની ઉપમા કેમ આપી કે ઘંટીમાં જેમ બે પડ છે તેમ આમાં પુણ્ય અને પાપ એ બે ચક્ર છે. તેમાં આત્માની શાંતિ પીસાય છે માટે તેને ચક્રની ઉપમા આપી છે. તેમાં શુભભાવ ઠીક અને અશુભ અઠીક એવા બે ભેદ કહ્યાં નથી કેમ કે બંને ભાવમાં આત્માની શાંતિ તો પીસાય જાય છે.

જ્ઞાનીને પણ બંને ભાવ હોય છે પણ તે દુઃખરૂપ જ છે, બંને ભાવ આસ્રવ છે, કર્મ ચક્ર છે. છઢાળામાં આવે છે કે

રાગ આગ દહૈ સદા, તાતેં સમામૃત સેઈએ....

રાગ છે તે આગ છે, ભલે શુભ હો કે અશુભ રાગ હો બંને દાહક છે. પોતાના શાંત, અવિકારી અકષાય, સ્વભાવથી તેની જાત વિરૂદ્ધ છે. તેમાં જ અનાદિથી અજ્ઞાની જીવની રુચિ પડી છે. અજ્ઞાની જીવો પોતાની અંતરમુખ દૃષ્ટિ વિના બહિરમુખ દૃષ્ટિ કરીને પુણ્ય–પાપકર્મના ચક્રમાં ફસાણા છે. પુણ્ય–પાપરૂપ કર્મ તો જડ છે પણ તેના કારણ એવા શુભાશુભકર્મના ચક્રમાં જીવો ફસાઈ ગયા છે. તેમાં પણ અશુભ છોડીને શુભભાવમાં આવે ત્યાં તો તેને એમ લાગે છે કે આપણે હવે ધર્મમાં આવી ગયાં. પણ ભાઈ ! એ ધર્મ નથી પણ કર્મચક્ર છે, આત્માને અહિતકર છે, આત્માના શાંતસ્વભાવથી રહિત એ બહિર્મુખભાવ છે.

પરોપકાર કરવો, દયા પાળવી, જાત્રા કરવી, પૂજા કરવી એ બધાં ભાવ બહિર્મુખ છે, વિકલ્પ છે. લોકોને આકરું લાગે. દુકાને બેઠા હોય તો પાપ થાય પણ ઉપાશ્રયમાં કે મંદિરમાં બેઠા પાપ થતું નથી એમ લાગે. પણ ભાઈ ! મિથ્યાત્વનું પાપ તો ચાલુ જ છે. જે કોઈ પરના લક્ષે ભાવ થાય છે તે કર્મચક્રની જાત છે, આત્માની જાત નથી.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ છે તેનાથી ભિન્ન ઈન્દ્રિયજન્ય બધાં વિકલ્પો બહિર્મુખ છે. દયા પાળવાનો ભાવ, ઉપવાસ કરવાનો ભાવ, રાત્રે ચાર આહાર ન કરવાનો ભાવ એ બધાં ભાવો બહિર્મુખ છે. પાપચક્રમાંથી નીકળીને પુણ્યચક્રમાં આવ્યો પણ એ કોઈ ધર્મની જાત નથી. ભગવાનના સમવસરણમાં આ જીવ અનંતવાર જઈ આવ્યો અને વાણી સાંભળી આવ્યો પણ તેમાં આત્માનું જ્ઞાન ન થયું કેમ કે એ તો માત્ર શુભરાગ હતો. ત્રિલોકીનાથના સાક્ષાત્ ભેટા કર્યાં પણ નિજ ભગવાનના ભેટા ન કર્યાં તેને ભગવાનના પણ ભેટા ખરેખર થયા નથી. પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવે કહ્યું છે કે આ જીવે ભવ ભવમાં જિનવરને પૂજ્યા છે, મણિરત્નના દીવડે આરતી ઉતારી છે, કલ્પવૃક્ષના ફૂલથી ભગવાનની પૂજા કરી છે

વગેરે ઘણું કર્યું પણ તે બધાં શુભભાવ છે—બહિર્મુખભાવ છે, તેનાથી આત્માનો અંતરમુખભાવ થતો નથી.

ભગવાનની વાણી સાંભળી તેમાં પણ એ જ આવ્યું છે કે આ વાણી સાંભળવાના રાગથી તારું કલ્યાણ નહિ થાય.

.....व्याप्त विषमता.....શુભ અને અશુભ બંને ભાવ વિષમ છે. શાંત-સ્વભાવ ભગવાન આત્મામાંથી બહાર આવીને જેટલી વૃત્તિઓ ઊઠે તે બધી કષાય-અગ્નિ છે. સાક્ષાત્ ભગવાન પણ આ આત્માથી પર હોવાથી તેના ઉપર જેટલું લક્ષ જાય તે વિષમતા છે. સમતાથી વિરૂદ્ધ ભાવ છે તેમાંથી સમતા ન આવે.

આત્માનું સ્વરૂપ તો સિદ્ધ સમાન છે. સિદ્ધમાં રાગ-દ્વેષ હોય તો આત્મામાં રાગ-દ્વેષ હોય. સિદ્ધમાં રાગ-દ્વેષ નથી કેમ કે રાગ-દ્વેષ તો વિષમભાવ છે. આત્મામાં પણ એ વિષમભાવનો અભાવ છે. શુભ-અશુભ બંને વિષમભાવ છે—અશુદ્ધભાવ છે—કર્મચક્ર છે.

अंतर सुमति आई विमल बड़ाई पाई, પુણ્ય-પાપના ભાવોથી ભિન્ન હું ચૈતન્ય ચમત્કારમૂર્તિ આત્મા છું એવી જ્યાં અંતરમાં સુમતિ જાગી, ત્યાં અશુદ્ધતાને પોતાની માનતો હતો તે પલટીને શુદ્ધ છે તે જ હું છું એમ માનવા લાગ્યો અને શુદ્ધપણે અનુભવવા લાગ્યો. અહો ! આ પરમાત્મા તો નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે આવું અંતરમુખ થઈને જે ભાન થયું તેનું નામ 'ધર્મ' કહેવાય છે. પરદ્રવ્ય તરફ લક્ષ રહેવું તે તો અશુદ્ધતા છે, વિષમતા છે, તેમાં સમતાનો અભાવ છે. તે પુણ્ય—પાપના ચક્રથી મારી પ્રભુતા ભિન્ન છે. સ્વભાવના આશ્રયે જ તે પ્રભુતા પ્રગટે છે. નિર્મળ દશામાં મારી મોટાઈ છે.

पुद्‌गलसौं प्रीति टूटी छूटी माया ममता—જીવથી ભિન્ન એવા પુદ્‌ગલથી તેની પ્રીતિ તૂટી જાય છે. આ બધી મારી ચીજ છે અને હું તેનો છું એવી જે માયા અને મમતા અજ્ઞાનદશામાં હતી તે છૂટી ગઈ. 'હું તો જ્ઞાનસ્વરૂપ છું' ત્રિકાળ એક જ્ઞાયકભાવે રહેલો છું, હું કદી શુભ કે અશુભભાવરૂપે થયો નથી, પર્યાયમાં શુભ-અશુભભાવ થયા હતા પણ હું તેમાં ન હતો.

બહિર્મુખદૃષ્ટિ છૂટી એટલે શુદ્ધનયમાં નિવાસ કર્યો. અનાદિથી પુણ્ય—પાપમાં નિવાસ હતો તે નિવાસ છોડીને હવે શુદ્ધનયમાં નિવાસ કર્યો. રાગના આશ્રયથી અનાસ્રવી ચીજ—ચૈતન્ય તદ્દન ભિન્ન છે. તેમાં દૃષ્ટિ સ્થપાણી અને તેનો સ્વાદ

લીધો—અનુભવ કર્યો. અનાદિથી કર્મને અનુસરીને પુણ્ય—પાપના ચક્રને સેવીને રહેતો હતો તે હવે અખંડાનંદ ભગવાન આત્માને અનુભવીને રહેવા લાગ્યો એટલે તેમાં તેનો નિવાસ થયો અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. રાગનો સ્વાદ છૂટી ગયો-ભ્રમણાઓ છૂટી ગઈ. રાગ અને વિકલ્પમાં એકત્વબુદ્ધિ હતી તે છૂટી ગઈ. ભીનૌ ચિત સમતા—આત્માની શાંતિમાં તેનું ચિત્ત ભીંજાઈ ગયું.....અનાદિથી રાગમાં—વિકારમાં—બહિર્મુખભાવમાં રંગાઈ ગયો હતો તેને હવે અંતરમુખ દૃષ્ટિ કરતાં આત્માના આનંદનો રંગ ચડી ગયો.

अनादि अनंत अचल अविकल्प एसौ.....અનાદિથી રાગને અવલંબીને અજ્ઞાની રાગમાં ઘેરાઈ ગયો હતો તે હવે અનાદિ, અનંત, નિર્વિકલ્પ, નિત્ય ધ્રુવ .....ધ્રુવ ભગવાન આત્માનું અવલંબન લઈને અતીન્દ્રિય આનંદમાં રમતો થઈ ગયો. અનાદિથી ચાલી આવતી રાગની પરંપરાને તોડીને આત્માના આનંદની પરંપરામાં આવી ગયો. રાગમાં રમતો હતો તે અનાત્મારામ હતો તે જ હવે આત્મામાં રમતો આત્મારામ થઈ ગયો.

અહા ! વ્યવહારનો તો આમાં ભૂક્કો ઉડાડી દીધો છે. વ્યવહાર સાધન છે—હેતુ છે તેને કેમ ઉડાડો છો એમ લોકો તકરાર કરે છે પણ પ્રભુ ! તું કોની સાથે તકરાર કરે છો ? તારો ભાવ જ તને ગોઠતો નથી તેથી તું તકરાર કરે છો, રાગની રુચિ કરે છો પણ અંતરમુખ થવાનો પ્રયત્ન કરતો નથી.

હવે ૧૨મા કળશના ૧૫મા પદ્યમાં કહે છે કે—

શુદ્ધ આત્મા જ સમ્યગ્દર્શન છે.

जाके परगासमैं न दीसै राग द्वेष मोह
आस्रव मिटत नहि बंधकौ तरस है ।
तिहूं काल जामैं प्रतिबिंबित अनंतरूप,
आपहू अनंत सत्ता नंततै सरस है ॥
भावश्रुत ग्यान परवान जो विचार वस्तु,
अनुभौ करै न जहां वानीकौ परस है ।
अतुल अखंड अविचल अविनासी धाम
चिदानंद नाम ऐसौ सम्यक दरस है ॥१५॥

અર્થ :—જેના પ્રકાશમાં રાગ-દ્વેષ-મોહ રહેતા નથી, આસ્રવનો અભાવ થાય

છે, બંધનો ત્રાસ મટી જાય છે, જેમાં સમસ્ત પદાર્થોના ત્રિકાળવર્તી અનંત ગુણ-પર્યાય ઝળકે છે અને જે પોતે સ્વયં અનંતાનંત ગુણપર્યાયોની સત્તા સહિત છે, એવો અનુપમ, અખંડ, અચળ, નિત્ય જ્ઞાનનું નિધાન ચિદાનંદ જ સમ્યગ્દર્શન છે. ભાવશ્રુતજ્ઞાન-પ્રમાણથી પદાર્થનો વિચાર કરવામાં આવે તો તે અનુભવગમ્ય છે અને દ્રવ્યશ્રુત અર્થાત્ શબ્દ શાસ્ત્રથી વિચારવામાં આવે તો વચનથી કહી શકાતું નથી.

ભગવાન આત્માના ચૈતન્ય પ્રકાશના પૂરમાં જ્યાં નજર પડી ત્યાં રાગ-દ્વેષ-મોહ તો દેખાતાં જ નથી. જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્માનું શરણ મળતાં પુણ્ય–પાપ અને મોહભાવ થતાં નથી તેથી આસ્રવ મરી જાય છે અને આસ્રવ મરવાથી બંધનો ત્રાસ પણ મરી જાય છે. નવા કર્મ જેનાથી આવે એવા ભાવ જ થતાં નથી તેથી કર્મ આવતાં નથી અને બંધ થતો નથી. અહા ! ધર્મી થયો ત્યાં બંધ નથી ! !

રાગના અંધકારમાં ઊભો હતો ત્યાં સુધી બંધનો ત્રાસ હતો. હવે જ્યાં ભગવાન આત્માના બેહદ જ્ઞાન, દર્શન, વીર્ય, આનંદ સ્વભાવમાં ભળ્યો ત્યાં તેને આસ્રવ અને બંધનો ત્રાસ ટળી ગયો. હવે તેને બંધ થતો નથી. આત્મા સ્વરૂપથી જ અબંધસ્વભાવ છે, શુભાશુભવિકલ્પ આત્મામાં નથી અને પુણ્ય–પાપ કર્મ પણ આત્મામાં નથી. આવા અબંધ સ્વભાવી આત્માને જે દેખે છે તે ૧૫ મી ગાથામાં કહ્યું છે તેમ સકલ જિનશાસનને દેખે છે.

ભાવશ્રુતજ્ઞાનમાં એટલે નીચે છદ્મસ્થદશામાં પણ એમ ભાસવા લાગે છે કે હું રાગ અને કર્મના બંધનથી રહિત છું અને ત્રણકાળ ત્રણલોકવર્તી સર્વ પદાર્થોને જાણવા–દેખવાવાળો છું પણ કોઈ પદાર્થને મારા કરીને મારામાં રાખું એવો હું નથી. રાગને સાથે રાખીને રાગમય થઈ જાઉં એવો મારો સ્વભાવ જ નથી. હું તો રાગને અને આખી દુનિયાને માત્ર જાણનાર દેખનાર છું. શુભાશુભરાગને કરનારો કે તે રૂપે પરિણમનારો હું નથી.

લોકોને આ એકાંત જેવું લાગે પણ, સમ્યક્ નિશ્ચય જ એકાંત ધર્મ છે. જ્ઞાન છે તે રાગને કરે કે જ્ઞાનને કરે ! જ્ઞાન તો જ્ઞાન જ કરે ને ! જ્ઞાનમાં લોકાલોક પ્રતિબિંબિત થાય છે એટલે કે લોકાલોકનું જ્ઞાન થાય છે. ત્રણલોકના અનંતાનંત પદાર્થો જ્ઞાનમાં જણાય જાય છે અને જ્ઞાયક આત્મા પોતે પણ અનંત ગુણથી સહિત છે.

આત્મા રાગરહિત છે પણ અનંત જ્ઞાનાદિ ગુણથી તો સહિત છે. ચૈતન્યસત્તા ખાલી નથી તેમ જ માત્ર ત્રણકાળ ત્રણલોકને જાણનાર જં નથી, એ તો અનંત ગુણથી ભરપૂર છે. જે આસ્રવથી છૂટે છે તે અનંતગુણથી સહિત પોતાની સત્તાને અનુભવે છે.

भावश्रुत ग्यान परवान जो विचारि वस्तु—અંતરમુખ થઈને જેણે આત્માનો પત્તો મેળવ્યો તેણે ભાવશ્રુતજ્ઞાન વડે આખા જૈનશાસનને જોઈ લીધું. ભાવશ્રુત એટલે વાણી નહિ પણ જ્ઞાન દ્વારા આખા આત્માને જ્ઞેય બનાવ્યો–એ જ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન કહેવાય છે. દ્રવ્યશ્રુતથી આત્મા પમાતો નથી, ભાવશ્રુતજ્ઞાનથી જ આત્મા પમાય છે. દ્રવ્યશ્રુત એટલે જિનવાણી આત્માના એક એક ગુણને ક્રમથી કહે પણ આત્માના પૂર્ણ સ્વરૂપને કહેવાની તેનામાં તાકાત નથી. માટે કહ્યું કે વચનથી આત્માનો પાર પામી શકાતો નથી. અનુભવ વડે જ આત્માનો સ્વાદ લઈ શકાય છે, પાર પામી શકાય છે.

ભૂંડ વિષ્ટાને ચાટે તેમ અજ્ઞાની રાગ-દ્વેષને ચાટે છે. જે કાઢી નાંખવાની ચીજ છે તેને એ ચાટે છે. જ્ઞાની તો નિજ આનંદને ચાટે છે. આત્મા અનુભવગમ્ય છે તેને વાણી વડે જાણી શકાતો નથી. તેમ જ વિકલ્પ વડે પણ જાણી શકાતો નથી. વચનાતીત અને વિકલ્પાતીત વસ્તુને વાણી કે વિકલ્પ અડી શકતા નથી તેથી પ્રશ્ન થાય કે તો આત્માને અનુભવવા માટે સાધન શું ?—એ જ કહીએ છીએ કે અંતરમાં આત્માને સમજવો તે જ સાધન છે, રાગાદિભાવ સાધન નથી. જે આસ્રવ છે તે સાધન કેમ હોય ! ઘણાં એમ જ માને છે કે ઉપાદાનમાં યોગ્યતા તો અનેક પ્રકારની છે પણ જેવું નિમિત્ત મળે તેવું કાર્ય થાય છે. જો એમ હોય તો તો નિમિત્તથી જ કાર્ય થયું ગણાય, તેમાં જીવે શું કર્યું !....પણ એમ નથી ભાઈ ! વસ્તુમાં એક સમયની પર્યાયમાં એક જ પ્રકારની યોગ્યતા હોય છે અને તે પ્રમાણે કાર્ય થાય છે, નિમિત્તથી કાર્ય થતું નથી.

अतुल अखंड अविचल अविनासी धाम,.....અતુલ—જેની કોઈ તુલના થઈ શકે તેમ નથી, જેને કોઈ ઉપમા આપી શકાય તેમ નથી એવો અતુલ આત્મા રાગથી ભિન્ન એક અખંડ વસ્તુ છે તે પોતાના ધ્રુવધામથી કદી ખસતો નથી એવો અવિચલ છે. અનાદિ-અનંત ધ્રુવ પ્રભુ કદી પર્યાયમાં આવતો નથી, ત્રિકાળ નિત્ય રહે છે.

અજ્ઞાનદશામાં એને એમ થાય છે કે હું ઘરમાં જાઉં છું, દુકાને જાઉં છું, બે-ચાર કલાક દુકાન સંભાળું છું, પેદાશ સારી થાય છે એમ માનીને એ હરખાય છે પણ અહીં કહે છે તું ક્યાંય જતો જ નથી. તું તો આસ્રવના વિકલ્પના સંબંધ વિનાનો છો તો હવે તને કોના સંબંધવાળો કહેવો ! આ મોક્ષ માટે ધર્મના દરવાજા ખોલવાની કળા બહુ સૂક્ષ્મ છે. અંતરમુખ દૃષ્ટિ કર્યા વિના તે કળા હાથ આવે એવી નથી.

चिदानंद नाम ऐसौ सम्यक दरस है।। જ્ઞાન અને આનંદ સ્વરૂપ અખંડ આત્માના અનુભવપૂર્વકની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે.

આ સમ્યગ્દર્શન પ્રમાણે આત્મા છે, પ્રતીતિ આખા દ્રવ્યમાં વ્યાપેલી છે તેથી તેના પ્રમાણે આત્મા છે એમ કહ્યું છે. રાગ કે વિકલ્પ જેવડો આત્મા નથી પણ આત્મા સમ્યગદર્શન પ્રમાણ છે કારણ કે પૂર્ણને પ્રતીતિમાં લેનારી પ્રતીતિ પણ પૂર્ણસ્વરૂપ છે.

શ્લોકમાં ज्ञानमुन्मग्नमतेत् શબ્દ છે ને ! જ્ઞાન ઉન્મગ્ન થાય છે—બહાર આવે છે. ચક્રવર્તી છ ખંડ સાધવા જાય છે ત્યારે વચ્ચે વૈતાઢય પર્વતમાંથી બે નદી આવે છે તેમાં એક નદીનું પાણી એવું છે કે તેમાં જે વસ્તુ પડે તે નીચે ચાલી જાય—ડૂબી જાય તે નદીનું નામ નિમગ્ના છે અને એક નદીના પાણીનો સ્વભાવ એવો છે કે તેમાં જે વસ્તુ પડે તે ઉપર આવી જાય. એ નદીનું નામ ઉન્મગ્ના છે. તેમ આત્મા અજ્ઞાનમાં ડૂબી જાય અને જ્ઞાન થતાં ઉપર આવી જાય છે અર્થાત્ સંસારસમુદ્રમાંથી તરી જાય છે. આત્માનું ભાન થતાં પર્યાયમાં આનંદ અને જ્ઞાનના ઉછાળા આવે છે. ભક્તિમાં આવે છે ને ! 'પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઉલસી આવે એમ......'

આ રીતે અહીં પાંચમો આસ્રવ અધિકાર પૂર્ણ થયો. હવે તેનો સાર કહે છે.

રાગ-દ્વેષ-મોહ તો ભાવાસ્રવ છે અને અશુદ્ધ આત્મા દ્વારા કર્મણવર્ગણારૂપ પુદ્‌ગલપ્રદેશોનું આકર્ષિત થવું તે દ્રવ્યાસ્રવ છે. શુભ અને અશુભ બંને મેલા પરિણામ છે તે ભાવાસ્રવ છે અને તેના નિમિત્તે જે કર્મો આવે છે તેને દ્રવ્યાસ્રવ કહેવાય છે. આત્માનું જ્ઞાન તો આ દ્રવ્ય અને ભાવ બંને પ્રકારના આસ્રવોથી ભિન્ન છે. આત્મા બંને પ્રકારના આસ્રવથી રહિત છે તેથી તેનું જ્ઞાન પણ આસ્રવથી રહિત છે. સમ્યગ્દર્શન થતાં જ જીવમાં વર્તતા જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

આમ, જીવવસ્તુના દ્રવ્ય અને ગુણમાં તો શુભાશુભ આસ્રવનો અભાવ છે અને તેનું ભાન થતાં જીવની પર્યાયમાંથી પણ આસ્રવનો અભાવ થાય છે એમ અહીં સિદ્ધ કરવું છે. ધર્મી જીવ કદાચિત્ અવ્રતી હોય તોપણ તેને આસ્રવ થતો નથી. ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દૃષ્ટિ દેવ હો, રાજા હો, ચક્રવર્તી હો, નારકી હો, દેડકો હો, અરે ! ઢેઢગરોળી (छिपक्कली) સમ્યગ્દૃષ્ટિ હો તો તેને આત્માનું ભાન પર્યાયમાં થયું હોવાથી આસ્રવનો અભાવ છે કારણ એ છે કે અંતરંગમાં સમ્યગ્દર્શનનો ઉદય થવાથી તેઓ શરીર આદિમાં અહમ્‌બુદ્ધિ રાખતા નથી અને વિષય આદિમાં તલ્લીન થતાં નથી. તેને પોતાપણું તો એક શુદ્ધ જ્ઞાનાનંદમાં જ છે તેથી અવ્રતીને પણ આસ્રવ નથી. પાંચમાં ગુણસ્થાને વ્રત છે એ પણ રાગભાવ છે. મૂળ તો અંદરની શુદ્ધિથી જ આસ્રવનો નિરોધ થાય છે.

(ક્રમશઃ)

*

# વૈરાગ્યજનની : બાર ભાવના

( શ્રી સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા પર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

वज्जियसयलविप्पयो अप्पसरूवे मणं णिरुंधंतो ।
जं चिंतदि साणंदं तं धम्मं उत्तमं झाणं ॥४८२॥

આ ધર્મધ્યાનનો અધિકાર છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન તે તપ છે. જ્ઞાયક ચૈતન્યમૂર્તિ આનંદ સ્વભાવી આત્માની શ્રદ્ધા થઈ હોય તેને ધર્મધ્યાન હોય છે. તે જીવ કેવો વિચાર કરે છે તે કહે છે.

ધર્મધ્યાનના ચાર ભેદ છે : આજ્ઞા વિચય, અપાય વિચય, વિપાક વિચય અને સંસ્થાન વિચય. તેમાં પ્રથમ આજ્ઞા વિચયની વાત કરે છે.

જીવાદિ છ દ્રવ્યો, પંચાસ્તિકાય, સાત તત્ત્વ અને નવ પદાર્થોના વિશેષ સ્વરૂપ વિશિષ્ટ ગુરુના અભાવથી તથા પોતાની મંદ બુદ્ધિવશ પ્રમાણ-નય-નિક્ષેપથી સાધી શકાય એવું સ્વરૂપ જાણ્યું ન જાય ત્યારે એવું શ્રદ્ધાન કરે કે ''જે સર્વજ્ઞ વીતરાગ દેવે કહ્યું છે તે મારે પ્રમાણ છે'' એ પ્રમાણે આજ્ઞા માની તે અનુસાર પદાર્થોમાં ઉપયોગને સ્થિર કરે તે આજ્ઞા વિચય ધર્મધ્યાન છે.

વીતરાગની આજ્ઞા બરાબર અંતરમાં બેઠી છે, સ્વભાવની રુચિ છે, પરની રુચિ છૂટી ગઈ છે, છતાં તે જીવ વીતરાગની આજ્ઞાનો વિચાર કરે છે. છ દ્રવ્યોનું પંચાસ્તિકાયનું અને નવ પદાર્થોનું સામાન્ય પ્રકારે તો જ્ઞાન થઈ ગયું છે પણ વિશેષ પ્રકારથી બધાં પડખાંથી કોઈ સૂક્ષ્મ વાતનો ખ્યાલ ન હોય તો તે ભગવાનની આજ્ઞા પ્રમાણે માને છે. શાસ્ત્રમાં કહ્યું છે તે મારે પ્રમાણ છે એવો વિચાર કરવો તે આજ્ઞા વિચય ધર્મધ્યાન છે.

સામાન્યપણે દેવ-શાસ્ત્ર-ગુરુ, છ દ્રવ્ય, નવ તત્ત્વ વગેરે પ્રયોજનભૂત પદાર્થનું જ્ઞાન અને શ્રદ્ધા બરાબર કરવાં જોઈએ. એમાં પરીક્ષા કર્યા વિના ભગવાને કહ્યું છે માટે માની લો તો એમ ચાલે નહિ. સર્વજ્ઞ ભગવાને કહેલાં શાસ્ત્રો હોય તે આગમ છે, એ સિવાયનાં શાસ્ત્રો તે આગમ નથી. માટે જેમ છે તેમ યથાર્થપણે પ્રથમ જાણવું જોઈએ. એ વિના આગમને માને તોપણ તે મિથ્યાદૃષ્ટિ છે.

આ દિગમ્બર ધર્મ જ સત્ય છે, આ વાત આજે નવી કહીએ છીએ એમ નથી. સંવત ૧૯૯૧માં પહેલો જ આ પાર્શ્વનાથ ભગવાનનો ફોટો મૂક્યો હતો. નગ્ન

દિગમ્બર કંદોરા વગરનો તે ફોટો છે. વળી સં. ૧૯૯૪માં શ્રી કુંદકુંદાચાર્ય રચિત શ્રી સમયસારની સ્થાપના થઈ. સં. ૧૯૯૭માં શ્રી જિનમંદિરમાં શ્રી સીમંધર ભગવાનની પ્રતિષ્ઠા થઈ છે.

આ વાતનો કોઈ દિવસ વિચાર કરે તો ખબર પડે ને? વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરના દિવ્યધ્વનિ અનુસાર કુંદકુંદાચાર્ય આદિએ જે શાસ્ત્રો રચ્યાં છે તે સિવાય અન્ય કોઈનાં શાસ્ત્રો સાચા નથી. એ અનુસાર છ દ્રવ્યો, નવ તત્ત્વો આદિનો વિચાર કરે અને અંતરમાં આનંદ આવે તે આજ્ઞા વિચય ધર્મધ્યાન છે.

''અપાય'' નામ નાશનું છે. ત્યાં જેમ કર્મોનો નાશ થાય છે તેમ ચિંતવે. મિથ્યાત્વભાવ એ ધર્મમાં વિઘ્નનું કારણ છે. તેનું ચિંતવન રાખે અર્થાત્ મિથ્યાત્વભાવ પોતાનામાં ન થવા દેવાનું અને પરને પણ મિથ્યાત્વભાવ મટવાનું ચિંતવન રાખે તે અપાય વિચય છે.

અહો! મારો આત્મા જ્ઞાનાનંદ છે. પર્યાયમાં વિકાર થાય તેમાં કર્મ નિમિત્ત છે. કર્મોનો નાશ થવો તે મારા હાથની વાત નથી પણ વિકારનો નાશ કેમ થાય? એનું ચિંતવન કરવું. જ્ઞાન સ્વભાવી આત્મા છે, તેમાં પુણ્ય-પાપના વિકલ્પ નથી. વિકલ્પ થાય છે તે અનર્થનું કારણ છે એવી વિચાર શ્રેણી ચલાવવી તે અપાય વિચય નામનું ધર્મધ્યાન છે. પાપ ભાવ તો અનર્થનું કારણ છે જ પણ અહીં તો કહે છે પુણ્ય ભાવ પણ અનર્થનું કારણ છે એમ ચિંતવન કરવું. કોઈ કહે કે શુભભાવ અનર્થનું કારણ હોય તો શા માટે કરવો જોઈએ? તેનો ઉત્તર કહે છે :—

જ્યારે અશુભભાવ હોય છે ત્યારે સ્ત્રી, કુટુંબ, પૈસાદિ ઉપર લક્ષ જાય છે, તેમ જ્યાં સુધી પૂર્ણ વીતરાગ દશા ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ શુભભાવ આવ્યા વિના રહેતો નથી. તે વખતે દેવ-ગુરુ-શાસ્ત્રાદિ ઉપર તેને પ્રેમ આવ્યા વિના રહે નહિ. ધર્મી વિચારે છે કે પુણ્ય અને પાપ બન્ને આત્માને માટે અનર્થનું કારણ છે, તે ચિદાનંદ અમૃત રસને લૂંટે છે તેથી એના નાશનો વિચાર કરે છે. વળી કુદેવાદિનું ચિંતવન તો ગૃહિત મિથ્યાત્વરૂપી પાપનું કારણ છે, તે આત્માની શાંતિમાં વિઘ્ન કરનાર છે. જગતમાં એના જેવું મોટું બીજું પાપ નથી. સાત વ્યસન કરતાં પણ મિથ્યાત્વનું પાપ મોટું છે એમ ધર્મી ચિંતવે છે અને સાચા દેવાદિનો અનાદર તથા ખોટાનો આદર તે વિઘ્નનું કારણ છે એમ ચિંતવન કરવું તે અપાય વિચય ધર્મધ્યાન છે. પોતાનું મિથ્યાત્વ ન રહે એવું ચિંતવન તો જ્ઞાની કરે છે જ. પરંતુ પરનું પણ મિથ્યાત્વ કેમ ટળે એવો વિચાર પણ તે કરે છે અને એમાં આનંદ થવો તે અપાય વિચય ધર્મધ્યાન છે.

વિપાક નામ કર્મના ઉદયનું છે. ત્યાં જેવો કર્મનો ઉદય થાય તેના તેવા સ્વરૂપનું ચિંતવન કરે તે વિપાક વિચય છે. પ્રતિકૂળ સંયોગો આવે ત્યારે વિચાર કરે કે એવો જ કર્મનો ઉદય હશે, આત્માના આનંદ સહિતનું એવું જે ચિંતવન છે તે વિપાક વિચય ધર્મધ્યાન છે.

લોક-સ્વરૂપનું ચિંતવન કરે તે સંસ્થાન વિચય છે. દેવ છે, નરક છે, અસંખ્ય દ્વીપ સમુદ્ર છે અને આ લોક અનાદિનો છે, એનો કોઈ કર્તા નથી, એનો કોઈ રક્ષક નથી અને એનો કોઈ નાશ કરનાર નથી એમ લોક સંબંધી વિચાર કરતાં આત્મામાં જે આનંદ થાય છે તેને સંસ્થાન વિચય ધર્મધ્યાન કહે છે.

વળી આ ધર્મધ્યાન દશ પ્રકારથી પણ કહ્યું છે. અપાય વિચય, ઉપાય વિચય, જીવ વિચય, આજ્ઞા વિચય, વિપાક વિચય, અજીવ વિચય, હેતુ વિચય, વિરાગ વિચય, ભવ વિચય અને સંસ્થાન વિચય એ પ્રમાણે આ દશેનું ચિંતવન છે તે આ ચારે ભેદોના વિશેષ ભેદ છે.

અપાય વિચયની વાત પહેલાં આવી ગઈ છે. ઉપાય વિચયમાં મોક્ષ થાય છે તેનો ઉપાય આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રરૂપી રત્નત્રય છે એવા આનંદ સહિતના ચિંતવનને ઉપાય વિચય ધર્મધ્યાન કહે છે. જીવ વિચયમાં આત્મા અનંત જ્ઞાનદર્શનની શક્તિવાળો છે. પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પરિપૂર્ણ અસ્તિરૂપે છે અને પરથી ભિન્ન છે એમ ચિંતવન કરવું તે જીવ વિચય છે. આજ્ઞા વિચય અને વિપાક વિચયની વાત આવી ગઈ છે. અજીવ વિચયમાં મારા આત્મા સિવાય બધું અજીવ છે, કર્મ જડ અજીવ છે તે મને નુકશાન કરતું નથી કેમકે કર્મ મારામાં નથી, શરીર, પૈસાદિ અજીવ પદાર્થો છે એમ અજીવનો વિચાર કરવો તે અજીવ વિચય ધર્મધ્યાન છે. હેતુ વિચય, હેતુ એટલે નિમિત્ત અને વિચય એટલે વિચાર કરવો. કર્મ પ્રેરક થઈને વિકાર કરાવતાં નથી અને સાચા દેવાદિથી સમ્યક્ દર્શન કે ધર્મ થતો નથી પણ આત્મામાં પ્રગટ ધર્મ થાય ત્યારે તે નિમિત્ત હોય છે પણ કુદેવાદિ નિમિત્ત હોતાં નથી. શુભરાગમાં દયા, દાન, ભક્તિ આદિનાં નિમિત્તો હોય છે. ધર્મીને જાત્રાનો, જિનમંદિરો બંધાવવાં વિગેરેનો વિચાર આવે છે તે વખતે નિમિત્તો પણ એવા હોય છે એવો વિચાર કરવો તે હેતુ વિચય ધર્મધ્યાન છે. આ ચિંતવનમાં પણ આનંદ હોય છે.

સુધર્મ સ્વર્ગના ઈન્દ્ર અને ઈન્દ્રાણી એકાવતારી છે. અહીં જ્યારે તીર્થંકર ભગવાનનો જન્મ થાય ત્યારે તેઓ જાતે આવે છે. ઈન્દ્ર હજાર આંખો કરીને ભગવાનનું રૂપ જુએ છે પણ તૃપ્તિ થતી નથી અને તે બાળકની જેમ ભક્તિથી નાચી ઊઠે છે.

ભગવાનના માતા-પિતાને કહે છે કે તમો આખા જગતના માતા-પિતા છો. આવો રાગ ધર્મીને આવ્યા વિના રહેતો નથી, એ રાગ વખતે નિમિત્તપણ એવાં હોય છે. એવો વિચાર કરવો અને પાપ ભાવ વખતે સ્ત્રી, કુટુંબાદિનાં નિમિત્તો હોય છે એવો વિચાર કરવો તે હેતુ વિચય ધર્મધ્યાન છે. સર્વજ્ઞદેવ વીતરાગ છે, તેમને રાગ હોતો નથી. તેઓ ત્રણ લોકના સાક્ષી છે અને હું પણ વીતરાગતા પ્રગટ કરી શકું એમ છું એવો વિચાર કરવો અને એમાં આનંદ થાય તે વિરાગ વિચય ધર્મધ્યાન છે. અહો ! આત્માએ અનંતાનંત નરક-નિગોદ આદિના ભવો કર્યાં છે. શેઠ થયો, નિર્ધન થયો, કાગડો થયો, કૂતરો થયો, કંથવો થયો અને આ મનુષ્ય ભવ મળ્યો તે પાંચ પચીશ વર્ષમાં પૂરો થઈ જશે એમ ભવનો આનંદ સહિત વિચાર કરવો તે ભવ વિચય ધર્મધ્યાન છે. આ ભવની રમતું માંડી છે તે તને શોભતી નથી એવો પણ વિચાર કરે, સંસ્થાન વિચયની વાત આગળ આવી ગઈ છે. આમ દશ પ્રકારનાં ધર્મધ્યાનનું વર્ણન થયું.

વળી પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ, અને રૂપાતીત એવા ચાર ભેદરૂપ પણ ધર્મધ્યાન હોય છે. ત્યાં પદ તો અક્ષરોના સમુદાયનું નામ છે અને તે પરમેષ્ઠી-વાચક અક્ષર છે, જેની મંત્ર સંજ્ઞા છે. એ અક્ષરોને પ્રધાન કરી પરમેષ્ઠીનું ચિંતવન કરે ત્યાં તે અક્ષરમાં એકાગ્રચિત્ત થાય તેને તેનું ધ્યાન કહે છે. જુઓ, અહીં પંચપરમેષ્ઠીના ચિંતવનને પદસ્થ ધ્યાન કહે છે પણ જેને હજુ અરિહંતાદિ પરમેષ્ઠીના સ્વરૂપની જ ખબર ન હોય તેને આ ધ્યાન હોતું નથી, તેને તો મિથ્યાત્વનું ધ્યાન હોય છે, માટે તેના સ્વરૂપને પ્રથમ જાણવું જોઈએ.

નમોકાર મંત્રના પાંત્રીશ અક્ષરો છે તે પ્રસિદ્ધ છે તેમાં મનને જોડે. તે જ મંત્રના ભેદરૂપ ટૂંકામાં સોળ અક્ષરો છે. અરહંત, સિદ્ધ, આયરિય, ઉવઝાય, સાહૂ—એ સોળ અક્ષરો છે તથા તેના જ ભેદરૂપ અરહંત–સિદ્ધ છ અક્ષર છે અને તેના જ સંક્ષેપમાં અ-સિ-આ-ઉ-સા એ આદિ અક્ષરરૂપ પાંચ અક્ષર છે. અરહંત એ ચાર અક્ષર છે, સિદ્ધ વા અર્હ એ બે અક્ષર છે અને ૐએ એક અક્ષર છે તેમાં પરમેષ્ઠીના સર્વ આદિ અક્ષરો છે. અરહંતનો अ,અશરીરી જે સિદ્ધ તેનો अ આચાર્યનો आ, ઉપાધ્યાયનો उ અને મુનિનો म એ પ્રમાણે अ+अ+आ+उ+म=ॐ એવો ધ્વનિ સિદ્ધ થાય છે. એ મંત્ર વાક્યોને ઉચ્ચારણરૂપ કરી મનમાં તેનું ચિંતવનરૂપ ધ્યાન કરે.

હવે મંત્રવાક્યરૂપ જે અક્ષરો એનો વાચ્ય અર્થ જે પરમેષ્ઠી તેનું અનંત જ્ઞાનાદિ સ્વરૂપ વિચારી ધ્યાન કરે તથા અન્ય પણ બાર હજાર શ્લોક પ્રમાણ નમસ્કાર ગ્રંથ

અનુસાર તથા લઘુ-બૃહદ્ સિદ્ધ ચક્ર પ્રતિષ્ઠા ગ્રંથોમાં મંત્રો કહ્યાં છે તેનું ધ્યાન કરે. એ મંત્રોનું કેટલુક કથન સંસ્કૃત ટીકામાં છે ત્યાથી જાણવું. અહીં તો માત્ર સંક્ષેપમાં લખ્યું છે, એ પ્રમાણે પદસ્થ ધ્યાન છે.

જુઓ, અહીં પંચપરમેષ્ઠી અક્ષર-મંત્રનો વાચ્ય પંચપરમેષ્ઠી છે. એ વાચક અને વાચ્ય બન્નેનો વિચાર કરવો એને પદસ્થ ધ્યાન કહે છે. અરિહંતનું શરીર છૂટી જાય છે ત્યારે કપુરની ગોટીની જેમ ઊડી જાય છે. પાછળ પડ્યું રહેતું નથી. વળી અરિહંત અઢાર દોષ રહિત હોય છે, એથી વિપરીત સ્વરૂપ જે માને છે તે બરાબર નથી. માટે અરિહંત–સિદ્ધનું સ્વરૂપ બરાબર જાણવું જોઈએ. મુનિ તો નગ્ન દિગમ્બર જ હોય છે. એનું સ્વરૂપ પ્રથમ બરાબર જાણીને એનું ચિંતવન કરવું. એમ આત્માના આનંદ સહિત ચિંતવન કરવું તે પદસ્થ ધર્મધ્યાન છે. * (ક્રમશઃ)

---

(નિશ્ચય-વ્યવહાર.....પેઈજ નં. ૯ થી ચાલુ)

તે અપેક્ષાએ તેના સમ્યક્ત્વને સરાગસમ્યક્ત્વ છે તે વ્યવહાર જ છે એમ કહ્યું પણ સમ્યગ્દર્શનની અપેક્ષાએં તો તે નિશ્ચય સમ્યગ્દર્શન જ છે.

અહીં, વ્યવહાર-સમ્યક્ત્વની મુખ્યતાથી બધું કથન છે, તેમાં સરાગતાની જ પ્રધાનતા છે. તેથી ગૃહસ્થાશ્રમમાં વીતરાગચારિત્રવાળું નિશ્ચયસમ્યક્ત્વ નથી એમ કહ્યું પણ સરાગચારિત્રવાળું નિશ્ચયસમ્યક્ત્વ છે એમ જાણવું. કેમ કે સમકિત તો નિશ્ચય જ છે. (ક્રમશઃ)

હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો હું તો જ્ઞાયક પ્રભુ છું, અનંત વિભૂતિથી ભરપૂર હું જ્ઞાયક ભગવાન આત્મા છું—એમ અંતરમાં સાચું આત્મભાન કરે તો તે અંતર્મુખતાના બળથી નિર્વિકલ્પતા થાય, વિકલ્પો છૂટે અને અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વરૂપ સ્વાત્માનુભૂતિ પ્રાપ્ત થાય. ધર્મી જીવને સ્વાનુભૂતિ પ્રાપ્ત થયા પછી પણ રાગ તો આવે છે, પણ તે તેનો કેવળ જ્ઞાતા છે, સ્વામી નથી, તેને પોતાનું કર્તવ્ય માનતો નથી. વાત જરા સૂક્ષ્મ છે. અનંતવાર જીવ જૈનનો શ્રાવક ને દ્રવ્યલિંગી સાધુ થયો, પણ રાગ રહિત, પૂર્ણાનંદથી ભરપૂર પોતાનું જે ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ છે તેના પર કદી દૃષ્ટિ કરી નથી, તેનો અંતર્મુખ થઈને અનુભવ કર્યો નથી.

—સ્વાનુભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ

# અમેરિકામાં સદ્ધર્મની પ્રભાવના

છેલ્લા ત્રણ વર્ષથી અમેરિકામાં સંસ્થાપિત ''શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ'' સંસ્થાના માનદ્ મંત્રી શ્રી હસમુખ મગનલાલ શાહ આ સંસ્થાની પ્રવૃત્તિના વિષયમાં લખે છે કે :—

આ સંસ્થાની સ્થાપના કરવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા ઉપદિષ્ટ જૈનધર્મની તત્ત્વની વાત જિજ્ઞાસુ તેમજ મુમુક્ષુ સુધી પહોંચે અને સદ્ધર્મની પ્રભાવના હો. આ વિષયમાં સોનગઢ-ટ્રસ્ટને અનુરોધ કરતાં સર્વ પ્રથમ વિદ્વાન પ્રવચનકાર ડૉ. પ્રવીણભાઈ દોશી સં. ૧૯૯૨માં અમેરિકા આવ્યા હતા. તત્પશ્ચાત્ રાજેન્દ્રભાઈ કામદાર, સુભાષભાઈ શેઠ અમેરિકા આવ્યા હતા. પ્રતિવર્ષ સોનગઢ-ટ્રસ્ટ અમારા નિમંત્રણનો સ્વીકાર કરીને ડૉ. પ્રવીણભાઈ દોશીને પુનઃપુનઃ અમેરિકા મોકલતા હતા. અહીંની સંસ્થાએ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોની ઘણી ઑડિયો કેસેટ સોનગઢથી મંગાવી લીધી છે અને તે અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોને મોકલવામાં આવે છે. તદુપરાંત સોનગઢથી પ્રકાશિત બધા પ્રકારના પુસ્તકો મોટી સંખ્યામાં મંગાવીને જિજ્ઞાસુઓને આવશ્યકતાનુસાર મોકલવામાં આવે છે. આ સંસ્થા 'આત્મદર્શન' નામની દ્વિમાસિક પત્રિકા અંગ્રેજીમાં પ્રકાશિત કરે છે જેમાં સોનગઢમાં ઉજવાતા ઉત્સવોના સમાચાર તથા તત્ત્વની વાત અંગ્રેજીમાં પ્રસ્તુત કરવામાં આવે છે. હવે તેમાં 'છહ ઢાળા' અંગ્રેજીમાં પ્રસિદ્ધ થઈ રહી છે. સં. ૧૯૯૮માં સોનગઢ ટ્રસ્ટના ટ્રસ્ટી/મંત્રી/વિદ્વાન પ્રવચનકાર શ્રી ચિમનલાલભાઈ ઠાકરશી મોદી આવ્યા હતા. તેમનો આ અમેરિકા-પ્રવાસ અતીવ સફળ રહ્યો. ફીલાડેલ્ફિયા, લેન્સડેલ, કિંગસ્ટન, સિદ્ધાચલમ્, ન્યૂયોર્ક, લોસએંજલ્સ, સાનફ્રાંસિસ્કો, ફીનીક્સ, માયામી, ટેન્પા, ડીટ્રોઈટ—ગામોના જિજ્ઞાસુઓંએ તેમને ઉલ્લાસથી સાંભળેલ. ટેન્પા (ફલોરીડા)ના નૂતન જિનમંદિરની શિલાન્યાસની શાસ્ત્રોક્ત વિધિ શ્રી ચિમનભાઈ મોદી દ્વારા સંપન્ન થઈ. તેમના પ્રવચન સમયસાર, મોક્ષમાર્ગપ્રકાશક તથા 'અપૂર્વઅવસર' પર સદ્‌યુક્તિ તેમજ ઉદાહરણયુક્ત રોચક હતા. આ સંસ્થાની ગતિવિધિની વિશેષ જાણકારી માટે શ્રી હસમુખ મગનલાલ શાહનો સંપર્ક કરવો. તેમનું એડ્રેસ :—8721, SCRIMSHAW DRIVE; NEW AIRPORT RICHEY, FLORIDA 34653. PHONE : 727-376-7290. FAX : 727-843-8157

*

[તા. ૧૧-૧૧-૯૮]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૪૫ | : | શ્રી પંચાસ્તિકાયસંગ્રહ ઉપર પુરુષો માટેનો શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | 'શ્રી સમયસાર' ઉપર શાસ્ત્ર-વાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી સમાધિતંત્ર' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન |

❀ સમયસાર-યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર પરમોપકારી વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની અઢારમી પુણ્યસમાધિનો વાર્ષિક દિન વિ. સં. ૨૦૫૫, કારતક વદ ૭, મંગળવાર, તા. ૧૦-૧૧-૯૮ના રોજ હતો. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદન નિમિત્તે તા. ૬-૧૧-૯૮, શુક્રવારથી તા. ૧૦-૧૧-૯૮, મંગળવાર—એમ પાંચ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતાં ટેપ તથા વિડિયો પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા અને સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યા હતા.

★ શ્રી કુંદકુંદ-આચાર્યપદારોહણ દિન :—માગશર વદ ૮, તા. ૧૧-૧૨-૯૮, શુક્રવારના રોજ પરમાગમ શ્રી સમયસાર આદિ અધ્યાત્મશ્રુતના પ્રણેતા, પરમ પૂજ્ય ઋષીશ્વર શ્રીમદ્‌ભગવત્ કુંદકુંદસ્વામીનો "આચાર્યપદારોહણ દિન" વિશેષ પૂજાભક્તિ અને અધ્યાત્મજ્ઞાનોપાસનાપૂર્વક ઉજવવામાં આવશે.

★ ધાર્મિક શિક્ષણવર્ગ :—નાતાલની રજાઓમાં તા. ૨૪-૧૨-૯૮, ગુરુવારથી તા. ૨-૧-૯૯, શનિવાર—દસ દિવસ સુધી ધાર્મિક શિક્ષણ રાખવામાં આવશે.

## વૈરાગ્ય-સમાચાર :—

અમેરિકાનિવાસી ચંદ્રીકાબેન ખંધાર (વર્ષ-૪૮) (તે મંગળાબેન નાનાલાલ પારેખ પુનાવાળાના દીકરી તથા શ્રી રમેશકુમાર કાંતીલાલ ખંધારનાં ધર્મપત્ની) કેન્સરની બિમારીમાં તા. ૧૦-૮-૯૮નાં સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વની ઘણી રુચિ હતી. શાંતિપૂર્વક દેહવિલય પામ્યા હતા.

ઘાટકોપર નિવાસી શ્રી મગનલાલ કેશવલાલ વોરા (વર્ષ-૭૮ લગભગ) તા. ૧૬-૯-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢ નિવાસી (હાલ-ભાયંદર-મુંબઈ) શ્રી સુશીલાબેન વૃજલાલ શાહ (તે શ્રી ધનસુખભાઈ તથા ભરતભાઈના માતુશ્રી) (વર્ષ-૮૨) તા. ૨૦-૯-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

હરારે-ઝીમ્બાબ્બે નિવાસી શ્રી જિનેશભાઈ હિંમતલાલ શાહ (સુરેન્દ્રનગરવાળા શ્રી ત્રંબકભાઈના ભાણેજ) (વર્ષ-૪૨) તા. ૭-૧૦-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મોશી (કેન્યા)નિવાસી (હાલ-સોનગઢ) શ્રી વીરચંદભાઈ જેઠાભાઈ માલદે (વર્ષ-૮૯) તા. ૧૧-૧૦-૯૮ના રોજ મુંબઈમાં ટૂંકી બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. શ્રી વીરચંદભાઈ છેલ્લા એકત્રીશ વર્ષથી સોનગઢ રહેતા હતા. તેમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતીમાતા પ્રત્યે અપાર શ્રદ્ધાભક્તિ હતી. તેઓ સ્વભાવે ભદ્રિક અને ધર્મ પ્રત્યે ઉલ્લાસભરી ભાવનાવાળા હતા.

ભિલાઈ નિવાસી (મૂળ વતન મોટા આંકડીયા) શ્રી પ્રફુલચંદ્ર પરમાણંદદાસ ઠોસાણી (વર્ષ-૬૮) તા. ૧૫-૧૦-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. આંકડીયામાં પંચકલ્યાણકપ્રતિષ્ઠા વખતે સૌધર્મ ઈન્દ્ર થવાનો તેમણે લાભ લીધો હતો. તેમને તત્ત્વ સમજવાની ઘણી રુચિ હતી.

દહીંસર(મુંબઈ) નિવાસી શ્રી રજનીકાંત સુખલાલ કોઠારી (સ્વ. કપુરભાઈ નંદરબારવાળાના નાનાભાઈ) (વર્ષ-૫૮) તા. ૨૪-૧૦-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જામનગર નિવાસી સ્વ. વકીલ વીરજીભાઈ વારીઆના પૌત્ર પ્રિતમલાલ સુંદરજી વારીઆ (વર્ષ-૮૧) તા. ૨૮-૧૦-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વની ઘણી રુચિ હતી ને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

ખૈરાગઢ નિવાસી શ્રી પન્નાલાલ ખેમરાજના પુત્ર મુકેશભાઈ (વર્ષ-૩૨) એક કલાકની ટૂંકી બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો. તેમને તત્ત્વરુચિ ઘણી હતી.

મોરબી નિવાસી હંસરાજ ભગવાનજી દોશીના સુપુત્રી ગં. સ્વ. ચંદુબેન તારાચંદ મહેતા (વર્ષ ૯૩) દાદર--મુંબઈ મુકામે આસો વદ ૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* હે યોગી! વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિથી વિચારવામાં આવે—જોવામાં આવે અર્થાત્ અનાદિ અનંત વસ્તુસ્વભાવથી પરિપૂર્ણ ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિથી જોવામાં આવે તો પરિપૂર્ણ ધ્રુવ વસ્તુ પર્યાયને કરતી જ નથી. ૧૧૮.

* ભૂતકાળની અનંતી પર્યાયો અને ભવિષ્યકાળની અનંતી પર્યાયો કે જે થઈ ગઈ છે અને જે હજુ થઈ નથી તે પર્યાયો ખરેખર પ્રગટ નથી, વિદ્યમાન નથી, અવિદ્યમાન છે, છતાં કેવળજ્ઞાન તેને પ્રત્યક્ષ જાણતું હોવાથી તે પર્યાયો વિદ્યમાન છે, ભૂતાર્થ છે એમ જાણે છે. આહાહા! ભૂત-ભાવિ પર્યાયો અવિદ્યમાન હોવા છતાં જ્ઞાનમાં સીધી જણાતી હોવાથી જ્ઞાનમાં વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે એમ જાણે છે—એ જ્ઞાનની દિવ્યતા છે! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે! જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે, તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે? વસ્તુ સત્ છે ને! વિદ્યમાન છે ને! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને! આહાહા! જેની હયાતી નથી તેની હયાતી જાણે તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હયાત જ છે તેને જાણ ને! ભાઈ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ! ૧૧૯.

* જ્ઞાતાપણું જ આત્માનું સ્વરૂપ હોવાથી, તેમાં રાગનું કર્તૃત્વ આવતું નથી. કેમ કે તેને પોતાના અનંત ગુણોમાં 'રાગને કરવું' એવો કોઈ ગુણ નથી. રાગના એક કણનું પણ કર્તૃત્વ જે માને છે તે આખા લોકનો કર્તા થાય છે. વ્રતાદિ શુભભાવનો પણ જે કર્તા થાય છે તે આખા વિશ્વનો કર્તા થાય છે; કેમ કે જેમ જાણનાર એકને જાણે તે બધાને જાણે એવો તેનો સ્વભાવ છે, તેમ અકર્તાસ્વભાવથી—જ્ઞાતાસ્વભાવથી—ભ્રષ્ટ જીવ પોતાને એક અણુમાત્ર રાગનો પણ કર્તા માને—રાગ મારું કાર્ય છે એમ માને તો તેમાં આખા લોકનું કર્તૃત્વ આવી જાય છે. ૧૨૦.

## * પોતાની સ્વ-પરપ્રકાશકરૂપ દ્વિરૂપતાને પ્રકાશે છે *

*ભગવાન જ્ઞાનસ્વરૂપ છે તે પોતાને જાણે છે ને રાગાદિને સ્પર્શ્યા વિના રાગાદિના જ્ઞાનને પ્રકાશે છે—એમ પોતાની સ્વ-પરપ્રકાશ દ્વિરૂપતાને પ્રકાશે છે, રાગાદિને પ્રકાશતા નથી. તોપણ આત્મા અને રાગની એકસાથે ઊપજવારૂપ અત્યંત નિકટતાને લીધે અનાદિથી અજ્ઞાનીને તેઓ વચ્ચે ભેદ નહીં દેખાવાથી આત્મા અને રાગમાં એકપણાનો ભ્રમ થઈ રહ્યો છે પરંતુ તે ભ્રમ આત્મા અને બંધના નિયત સ્વલક્ષણો જાણીને પ્રજ્ઞા વડે જરૂર છેદી શકાય છે.*

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]